# સંધિવાથી ત્રાહિમામ:

## હવે ત્રીસીમાં જ ત્રાટકતી બીમારીથી સાવધાન



**પુષ્પા વર્મા**

માનવી મરણ પામ્યા પછી પંચ મહાભૂતમાં વિલીન થાય છે અને છેવટે એ હાડકાંનું માળખું અથવા હાડપિંજર હોય છે. મરણોત્તર ભૂત જીવનના પ્રતિક તરીકે પણ હાડપિંજર જ દર્શાવાય છે. હાડકાં એવા જ હોય છે - બળકટ અને મજબૂત હોય છે. મૃત્યુ બાદ પણ શેષ રહે એવી તેની ક્ષમતા હોય છે. હાડપિંજરના બળને આધારે વ્યક્તિ, દેહ આખું જીવન પોતાની રુચિની તમામ પ્રવૃત્તિઓ કરે છે. રોજિંદી પ્રવૃત્તિઓથી માંડીને અસાધારણ પરાક્રમ સુધીની તમામ બાબતોમાં હાડકાં જ વ્યક્તિને સાથ આપે છે.

માનવીના શરીરમાં નાના-મોટાં મળીને ૨૦૬ પ્રકારના હાડકાં હોય છે. આ હાડકાં સુરક્ષિત રહે, તેમાં સ્નિગ્ધતા-લુબ્રિકેશન જળવાય, હાડકાંના સાંધા પરસ્પર ઘસાઈને નકામા ન થઈ જાય, સખત હાડકાંથી નરમ સ્નાયુઓ અને મજ્જા તંત્રને ઈજા ન થાય એ માટે તેમની વચ્ચે અને હાડકાંના પોલાણમાં મજ્જા રસનું આવરણ હોય છે.

હાડકાંને કંઈ ઈજાઓ થાય અથવા સાંધાનો દુઃખાવો થાય ત્યારે માણસને હાડકાં અને સાંધાની ઉપસ્થિતિનો અહેસાસ થવા ઉપરાંત તેમનું મહત્ત્વ પણ સમજાય છે. અગાઉ પચાસ વર્ષની ઉંમર પછી જે સમસ્યાઓ થતી હતી, એ હવે ત્રીસ વર્ષની ઉંમર પછી જોવા મળે છે. પીઠના દુઃખાવા, કમરના દુઃખાવા, ઘૂંટણના દુઃખાવા વગેરેથી ત્રાહિમામ પોકારનારા લોકોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. આ બધી વ્યાધિઓનું મુખ્ય કારણ શહેરી જીવનશૈલી જ છે. જેટલું મોટું શહેર હોય એટલી બીમારીઓ અને વ્યાધિઓ વધુ હોય છે.

આ બાબતમાં આયુર્વેદના એક ડૉક્ટર દીપાલી જ્યોતિનું એક નિરીક્ષણ ઘણું માર્મિક છે. મલાડસ્થિત 'આયુશક્તિ હેલ્થ સેન્ટર'માં સેવા આપતા ડૉ. દીપાલી છેલ્લા સાત-આઠ વર્ષથી મુંબઈમાં છે. લગ્ન પૂર્વે અમદાવાદમાં નવ વર્ષ વૈદિક - આયુર્વેદિક તબીબ તરીકે પ્રેક્ટિસ કરી. અમદાવાદમાં તેમની પાસે આવતા દર્દીઓમાં દસમાંથી બે દર્દી સંધિવાના હતા. મુંબઈમાં દસમાંથી આઠ દર્દી સંધિવાના હોય છે.

ડૉ. દીપાલીના મતે આ તકલીફો શહેરી જીવન પદ્ધતિને કારણે જ થાય છે. ધાવણા બાળકોને ઘોડિયા ઘરમાં મૂકીને મા નોકરીએ જાય છે. સ્કૂલ બસની રાહ જોતાં કુમળાં ટાબરિયાં રસ્તા પર એક દોઢ કલાક રાહ જોઈને ઊભાં રહે છે. લોકલ ટ્રેનના ડબ્બામાં કે તસોતસ ભરેલી બસમાં અંદર ઘૂસવા માટે અને પછી બેસવાની તો ઠીક, માત્ર ઊભા રહેવાની જગ્યા માટે માણસો પડાપડી કરે છે. ઘરકામ અને ઓફિસના કામ વચ્ચે સમતોલપણું જાળવવા માટે યુવતીઓ અને મોટી ઉંમરની મહિલાઓ તલવારની ધાર પર ચાલવા જેવો વ્યાયામ કરે છે.

વિદ્યાર્થીઓ શાળા-કોલેજ, ટ્યુશન ક્લાસીસ, એક્સ્ટ્રા ક્લાસીસ કે હોબી ક્લાસીસ વગેરેના ચક્રવ્યૂહમાં પુસ્તકોનો બોજ લઈને ફરે છે. પગના ઘૂંટણ, પીઠના સ્નાયુઓ અને કરોડરજ્જૂના મણકા, કમર, ખભા બધા જ અવયવો પર બાળપણથી જ બોજ પડતાં યુવાનીના મધ્યાહનમાં જ એ બધા ડગમગવા માંડે છે. ઘણી વખત હાડકાં વાંકા પણ વળી જાય છે. જે ઉંમરમાં આશાઓ સાથે જીવનના અનેક પડકારોનો સામનો કરવા માટે કમર કસવાની હોય એ જ ઉંમરમાં ખભા ઝુકી જાય છે અને પગ ડગમગવા માંડે છે.

આ બધાનો ઉપચાર શો? દવાઓ, ગોળીઓ, ઈન્જેક્શનો, જરૂર પડે તો શસ્ત્રક્રિયા અને બીમારી વધે તો સાંધા બદલવાના, તેમાં કૃત્રિમ સાધનો ગોઠવવાના. આ બધાની સાથે લાંબાગાળા સુધી પીડા સહન કરતા રહેવું પડે.

અમારાં પરિચિત એક બહેન આવા સંધિવાને કારણે પથારીવશ હોવાનું સાંભળ્યું ત્યારે ખૂબ ખેદ થયો. થોડા વર્ષ પહેલાં જ ઓફિસમાંથી ઘર ભણી જતાં ટ્રેનમાં મળ્યા હતા. અમે તેમને મળવા માટે તેમને ઘરે ગયા.

તેમને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે ઉપચારોમાં ભાગ્યે જ કંઈ બાકી રાખ્યું હશે. ડૉક્ટર, સ્પેશિયાલિસ્ટ, વિવિધ થેરાપીઓ, લાઈટ, ટ્રેક્શન વગેરે વગેરે બધું અજમાવી ચૂક્યા હતા. હવે રોજ પેઈનકીલર (પીડાનાશક) ગોળી લઈને ઓફિસમાં જતા હતા.



**સંધિવાના દર્દીઓ આયુશક્તિમાં હંમેશાં આવે છે. તેમાંના મોટાભાગના અન્ય ચિકિત્સા પદ્ધતિઓના પ્રયોગો કરીને નિરાશ થયા હોય છે. અનેક વખત વિલંબને લીધે રોગ પણ બહુ ગંભીર, ક્રોનિક થઈ ગયો હોય છે. ઘણાએ લાકડીના ટેકે ચાલવું પડે છે. કેટલાકને તો વ્હીલચેર પર લાવવા પડે છે. આ દર્દીઓ અપંગ અવસ્થામાં આવે છે અને અહીં ઉપચાર કરાવ્યા પછી પોતાના પગે, ટટ્ટાર પીઠ સાથે ચાલતાં પાછા જાય છે.**

આવી કથની આપણા સૌના અનેક પરિચિતો, મિત્રો, સગાં અને પાડોશીઓની હોય છે. માત્ર પેઈનકીલર દવાને આધારે દિવસો કાઢવાના હોય ત્યારે પરિસ્થિતિ કેવી અસહ્ય હશે એ સમજવા જેવી બાબત છે. તેમના મનમાં સંધિવા અસાધ્ય બીમારી હોવાની ધારણા ઘર કરી જાય છે. તેઓ એલોપથીના પર્યાય તરીકે અન્ય વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ અને આયુર્વેદ દ્વારા પણ ઉપચારના પ્રયાસો કરી ચૂક્યા હોય છે. ત્યાં પણ તેમને સફળતા મળતી નથી. તેથી ફરી એ જ દર્દનિવારક-પેઈન કીલર ગોળીઓની દિશામાં વળે છે.

દર્દ નિવારક, વેદનાશામક, પીડાનાશક કે પેઈનકીલર એમ કોઈ પણ નામે ઓળખો, એ કાયમી અથવા સ્થાયી અને અસરકારક ઉપચાર નથી. એ અસહ્ય દુઃખાવો નિવારવા માટેનો હંગામી ઉપચાર હોય છે. પરંતુ શહેરની દોડધામના જીવનમાં સામાન્ય માથાનો દુઃખાવો અથવા દાઢનો દુઃખાવો પણ સહન ન થઈ શકે એ વ્યક્તિઓ પણ પેઈનકીલર ગોળીઓનો છૂટથી ઉપયોગ કરે છે. ઘણી વખત પ્રિસ્ક્રિપ્શન વિના કેમિસ્ટ પાસે જઈને સીધે સીધા જ ખરીદી લે છે. ઓછું ભણેલા અને અધકચરા શહેરીજનોને પણ આવી ગોળીઓના નામ મોઢે હોય છે. કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારનો દુઃખાવો કે બીમારી હોય તો આવા લોકો ખચકાટ વિના સીધી ભલામણ અથવા મૌખિક પ્રિસ્ક્રિપ્શન આપી દે છે. વેદનાનું શમન એ આ ગોળીઓનો ગુણ હોય છે. તેથી આ એક હંગામી અસર હોય છે. આ ગોળીઓ બીમારીવાળા અંગ પર સીધી અસર કરતી નથી. એ જગ્યામાં દુઃખાવાનો અનુભવ કરાવતા મગજના ચોક્કસ કેન્દ્ર પર અસર કરે છે. તેથી એ વ્યક્તિને દુઃખાવાનો અનુભવ થતો નથી. પીડા કાયમની હોય છે પણ ગોળીઓને કારણે એ થોડો વખત થંભી જાય છે અથવા ભૂલી જવાય છે. તેથી જ ભારતના દવાબજારમાં પેઈનકીલરની ખપત ખૂબ સારી છે. આ દવાથી સાંધાની સ્થિતિમાં સુધારો થતો નથી પણ દુઃખાવો ઘટતાં તેની ગંભીરતા પરથી થોડીવાર માટે ધ્યાન હટે છે. પરિણામે હવે સાંધા સારી રીતે કામ કરે અને સરળતાથી હલનચલન કરી શકાય એ માટેનું મજ્જા રસનું આવરણ પણ ખતમ થતાં સાંધાના હાડકાં એકમેક સાથે ઘસાવા માંડે છે. આ ઘસાયેલા હાડકાં એકમેક સાથે બરાબર ગોઠવાતા નથી. તેથી વાંકાચૂંકા હલનચલન દ્વારા ફરતેના સ્નાયુ અને મજ્જાતંતુઓને ઈજા કરે છે. તેથી દુઃખાવાનું વિષચક્ર આગળ વધતું જ જાય છે.

પીઠમાં કરોડરજ્જુના મણકામાં પણ આવું થાય ત્યારે કાળજી રાખવી જરૂરી છે. કારણ કે એ ભાગ ઘણો નાજૂક હોય છે. શરીરના તમામ અવયવો અને મગજ વચ્ચે સંદેશવહન કરનારા મજ્જાતંતુઓ કરોડરજ્જુ પાસેથી જ પસાર થાય છે. મણકામાં અથવા વચ્ચેના જોડાણમાં ઘસારો લાગતા પીઠમાં દુઃખાવો શરૂ થાય છે. તેનાથી આ ઘસારાને કારણે કરોડરજ્જુના મજ્જાતંતુઓને ગંભીર ઈજા થાય તો પક્ષઘાત અથવા અપંગત્ત્વ પણ આવી શકે છે. તેથી સાંધાના દુઃખાવાને સાધારણ દુઃખાવો ગણીને તેની અવગણના કરવી ઘાતક સાબિત થઈ શકે છે.

**સંધિવા મટી શકે છે?**

હા, આયુર્વેદમાં એ માટે અત્યંત ગુણકારી દવાઓ અને ઉપચારો છે એ વાત આ લેખકસહિત અનેક લોકો સ્વાનુભવથી કહી શકે છે. દસ વર્ષ પૂર્વે એક અકસ્માતમાં મારા પીઠની કરોડરજ્જુને ગંભીર ઈજા થઈ. બે મણકા પચાસ ટકા દબાયા હતા અને કરોડરજ્જુનો બાકીનો ભાગ પણ દબાઈ ગયો હતો. એ માટે ડૉક્ટરોએ મને મોલ્ડેડ પ્લાસ્ટરમાં જકડી રાખી. આખું વર્ષ હું આ પ્લાસ્ટર પીઠ પર લગાડીને ફરતી હતી. તેની ઉપર કમરપટ્ટો પણ બાંધતી હતી.

ત્યાર પછી મને ડૉ. પંકજ નરમના આયુશક્તિ કેન્દ્રની માહિતી મળી. હું એ આયુર્વેદિક સારવાર કેન્દ્રમાં પહોંચી. ત્યાર પછી મેં પીઠના દુઃખાવા, કમરના દુઃખાવા, સાંધાના દુઃખાવા વગેરે માટે ફક્ત આયુર્વેદિક દવાઓના ઉપચાર કર્યા. વ્યવસાયને કારણે મારી દોડધામ અને કામકાજ ચાલુ જ હોય. આ સમયગાળામાં લાંબા પ્રવાસો અને લાંબા અંતર સુધી ચાલવામાંયે મને તકલીફ થઈ નથી. આયુર્વેદમાં રહેલી મારી આસ્થા 'આયુશક્તિ'ને કારણે સો ગણી વધી છે. અન્ય આયુર્વેદિક સારવાર કેન્દ્રો અને સંસ્થાઓ કરતાં વિશેષ એવી અનેક બાબતો અહીં છે. રોગનિદાન, સારવાર અને દવાઓ બનાવવામાં ચોક્કસાઈ ઉપરાંત પ્રત્યેક દર્દીનો રેકોર્ડ ત્યાંના કોમ્પ્યુટરમાં સાચવીને રખાય છે. છેલ્લાં કેટલાક વર્ષોથી આ કેન્દ્રમાં વિવિધ બીમારીઓ સંબંધી અધિકૃત ટેસ્ટીમોનીયલ્સ હું એકઠા કરું છું. આ કેન્દ્રમાં મોટી સંખ્યામાં વિદેશી દર્દીઓ પણ આવે છે. આવા દર્દીઓ તેમ જ આયુર્વેદ અને નાડીચિકિત્સાના કૌશલ્યો ડૉ. પંકજ નરમ પાસે શીખવા આવતા વિદેશી ડૉક્ટરોને હું ઘણી વખત મળી છું. તેમની સાથે ચર્ચાઓ કરી છે. તેથી આજ સુધીમાં અસાધ્ય ગણાતી અનેક બીમારીઓના ઉપચારમાં ત્યાંનો 'સક્સેસ રેટ' જોઈને હું રીતસર આશ્ચર્યચકિત રહી ગઈ.

સંધિવાની બાબત જ જૂઓ, સંધિવાના દર્દીઓ અહીં હંમેશાં આવે છે. તેમાંના મોટાભાગના અન્ય ચિકિત્સા પદ્ધતિઓના પ્રયોગો કરીને નિરાશ થયા હોય છે. અનેક વખત વિલંબને લીધે રોગ પણ બહુ ગંભીર, ક્રોનિક થઈ ગયો હોય છે. ઘણાએ લાકડીના ટેકે ચાલવું પડે છે. કેટલાકને તો વ્હીલચેર પર લાવવા પડે છે. આ દર્દીઓ અપંગ અવસ્થામાં આવે છે અને અહીં ઉપચાર કરાવ્યા પછી પોતાના પગે, ટટ્ટાર પીઠ સાથે ચાલતાં પાછા જાય છે. આ જોઈને હું કૃતકૃત્ય થઈ છું. 'આયુશક્તિ'ના પંચકર્મ વિભાગના વડા ડૉ. રાજશ્રી મહેતાએ મારી સાથેની વાતચીતમાં જણાવ્યું કે ''પંચકર્મ એટલે દવાઓને વધુ અસરકારક બનાવનારી આયુર્વેદની પુરક પદ્ધતિ છે. મસાજ, પિંડસ્વેદ, બાષ્પ સ્નાન, વિરેચન, વમન, નસ્ય, હાર્ટધારા વગેરે અનેક ઉપચારો ડોક્ટરની ભલામણ અનુસાર કરવામાં આવે છે. આ ઉપચારો ઘેર બેઠાં પણ કેવી રીતે કરી શકાય એ સમજાવવામાં આવે છે. એ માટે જરૂરી દવાઓ, તેલ વગેરે સામગ્રી આયુશક્તિ કેન્દ્રમાંથી અપાય છે.

આયુશક્તિને સંબંધિત તમામ ડૉક્ટર્સ તેમના કામમાં નિષ્ણાત છે. તેથી સંધિવાના ઉપચારની બાબતમાં પણ ત્યાં સફળતાનો દર ઘણો ઊંચો છે.



ડૉ. પંકજ નરમ
સ્મિતા નરમ

## એરિકા હુબેરની કાયાપલટ

''આ એરિકા હુબેર જર્મનીથી આવ્યાં છે. મારું નામ મેડિકલ ક્ષેત્રના નોબેલ પારિતોષિક માટે સૂચવવા જેવું લાગે ત્યારે આ કેસ ચોક્કસ રીફર કરજો. આમાં મને સો ટકા સફળતા મળી છે. લ્યો સાંભળો એરિકાના જ શબ્દોમાં'' કહીને ડૉ. પંકજ નરમ એરિકાને બોલવા કહે છે.

સામેના સોફા પર બેઠેલી ૬૫-૬૭ વર્ષની વૃદ્ધા એરિકાનો ચહેરો પરિચિત લાગતો હતો. કારણ કે કેટલાક વર્ષોથી 'આયુશક્તિ'ના સંખ્યાબંધ વિદેશી દર્દીઓને હું મળતી રહી છું. અચાનક મગજમાં ચમકારો થયો. ચારેક વર્ષ પહેલાં મેં એરિકાને લાકડી અથવા કાંખઘોડી લઈને ચાલતાં જોઈ હતી. એ પહેલાં વ્હીલચેરમાં ફરતાં પણ જોઈ હતી. સાવ બીમાર અને થાકેલી એ વૃદ્ધા આજે ટટ્ટાર બેઠી બેઠી મંદ મંદ સ્મિત કરતી હતી.

એરિકાએ કહ્યું ''હું જર્મનીના મ્યુનિક શહેરની રહેવાસી છું. ત્યાં સંધિવાની વ્યાધિથી જકડાઈ ગઈ. સૌ પ્રથમ પગના પંજા, પછી ઘૂંટણ, થાપા, કમર અને ધીમે ધીમે આખા શરીરમાં સંધિવા ફેલાયો. ડૉક્ટરો પાસે ઉપચાર કરાવ્યા. હોસ્પિટલોમાં રહી પણ કોઈ ફેર ન પડ્યો, પરિસ્થિતિ વણસતી ગઈ. પથારીવશ જેવી હાલત થઈ. મારી દીકરી મને મ્યુનિકના 'આયુશક્તિ' કેન્દ્રમાં લઈ ગઈ એ પહેલાં એણે મને જર્મની, હોલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ અને અમેરિકાના મોટા મોટા ડૉક્ટરોને બતાવીને લાવી હતી. ત્યાંની અદ્યતન હોસ્પિટલોમાં તપાસ કરાવી. બધાનો એક જ જવાબ હતો - અશક્ય. પણ ડૉ. પંકજ નરમે એ દિવસે પહેલી વખત નાડી તપાસીને પંદર દિવસની દવા આપી. ત્યાં જે હોસ્પિટલમાં હું સારવાર લેતી હતી ત્યાંના ડૉક્ટરો આ દવાઓ જોઈને ધૂંઆંપૂંઆ થઈ ગયા. ''અહીં અમને કેમિકલ્સ જરાયે નહીં ચાલે.'' દવાઓમાં કેમિકલ્સ નથી એ વાત સમજાવતાં નાકે દમ આવ્યો. થોડા દિવસોમાં સ્હેજ રાહત થતાં ડૉ. નરમે મુંબઈ આવવા જણાવ્યું. હોસ્પિટલથી મ્યુનિક વિમાનમથક અને મુંબઈ વિમાનમથકથી મલાડના આયુશક્તિ કેન્દ્ર સુધીનો મારો પ્રવાસ વ્હીલચેર પર હતો. અહીં પહોંચ્યા પછી કેન્દ્રમાં સૌપ્રથમ પંચકર્મના ઉપચાર શરૂ કર્યા. ઉપચારનો પ્રથમ તબક્કો પૂરો કરીને એરિકા સ્વદેશ પાછી ગઈ ત્યારે વ્હીલચેર છૂટી ગઈ હતી અને બન્ને હાથમાં કાંખઘોડી હતી. આ વર્ષ ૨૦૦૧ની વાત છે. ત્યાર પછી વર્ષ ૨૦૦૩માં કાંખઘોડી સાથે ઉપચાર માટે ફરી મુંબઈ આવી. બે મહિના ઉપચાર કરીને પાછી મ્યુનિક ગઈ ત્યારે સ્વતંત્ર રીતે પોતાના પગ પર ચાલતી હતી. એ ૨૦૦૫માં પાછી આવી ત્યારે ઓવરહોલિંગ એટલે કે નવજીવન પ્રાપ્ત કરવા માટે આવી હતી. આને કાયાપલટ કે કાયાકલ્પ નહીં તો બીજું શું કહેવાય? મારી દીકરીએ મને નાતાલની ખાસ ભેટ આપી છે ડૉ. નરમના પરિચય અને મુંબઈના આયુશક્તિ કેન્દ્રના રૂપમાં.''



એરિકા હુબેર



પિંડસ્વેદ




## ઓસ્ટીયોપોરોસિસ : સ્ત્રીઓને મોટી કનડગત

ડૉ. રાજશ્રી મહેતા કહે છે કે ''સ્ત્રીઓને રજોનિવૃત્તિ (મેનોપોઝ) પછી તેમના શરીરમાં કેલ્સિયમ પેદા કરતા હોર્મોન્સ નિષ્ક્રિય થવા માંડે છે. તેથી સ્ત્રીઓએ પહેલેથી જ કેલ્સિયમ પૂરતા પ્રમાણમાં લેતાં રહેવું જરૂરી છે. ખાસ કરીને ગર્ભધારણ કરતી વેળા અને પ્રસૂતિ વેળા ગર્ભના અને બાળકના પોષણ માટે કેલ્સિયમની ભરપૂર જરૂર હોય છે. એ કેલ્સિયમ, બાળકને માતાના શરીરમાંથી મળતું હોય છે. એ બાબતનું ભાન સ્ત્રીઓએ, યુવતીઓએ રાખવું જરૂરી છે.

હોર્મોન્સમાં ફેરફાર ઉપરાંત શહેરી જીવનના માનસિક તણાવની પણ અસર થાય છે. માનસિક તણાવને લીધે અમ્લપિત (એસિડિટી) પેટમાં ચાંદા વગેરે વ્યાધિઓની માફક સંધિવા પણ થાય છે. આ મેનોપોઝના સમયમાં માનસિક તાણ પણ વધે છે. તેની પાચનશક્તિ પર પણ અસર થાય છે.''

## સફળતાના ઉદાહરણો અપરંપાર

ફક્ત ડૉ. પંકજ નરમ અને ડૉ. સ્મિતા નરમ જ નહીં આયુશક્તિના તમામ તબીબોની સાફલ્ય કથાઓ અપરંપાર છે. ડૉ. નીતૂ પટેલ : લાકડીના ટેકે ચાલતા પંચોતેર વર્ષના કમલાબેન કોઠારી (મલાડ), માત્ર આઠ મહિનામાં ઘરનું રોજિંદુ કામ સરળતાથી કરવા માંડ્યા. સાડત્રીસ વર્ષની અમૃતા સાવંત પીઠના દુઃખાવાને કારણે ગરદન પર પટ્ટો બાંધતી હતી. મસાજ અને પિંડસ્વેદ જેવી સારવારો કરાવ્યા પછી પટ્ટો તો છૂટી ગયો પણ ફરી અઢાર વર્ષની યુવતીની માફક હરતીફરતી થઈ ગઈ. દેવયાની પળસેકર નામની ચાલીસ વર્ષની ગૃહિણીને ફ્રોઝન શોલ્ડરની વ્યાધિમાં પંદર દિવસની સારવાર બાદ રાહત મળવા માંડી.

ડૉ. દીપાલી જ્યોતીન : આડત્રીસ વર્ષની ગૃહિણી સરિતા ગુપ્તા ઘૂંટણના દુઃખાવાથી ચાલી શકતી નહોતી. બન્ને પગ સોજાથી લાલ થઈ ગયા હતા. છ મહિનાના ઉપચારમાં સંપૂર્ણ સ્વસ્થ થઈ. પચાસ વર્ષના પ્રભાવતી રાણે સ્પોન્ડીલાઈસિસથી દસ વર્ષથી પરેશાન હતા. આઠ મહિનાના ઉપચારથી રાહત થઈ. ચોંત્રિસ વર્ષીય શૈલેષ ગુપ્તા પીઠના દુઃખાવાથી પથારીવશ જેવી હાલતમાં હતા. એક વર્ષના ઉપચારમાં દોડી શકે છે. નૃત્ય કરી શકે છે અને ક્રિકેટ રમી શખે છે.

ડૉ. કેતકી ત્રિવેદી : એસ. કે. કદમ નામના બાવન વર્ષના ગૃહસ્થ રુમેટિક આર્થરાઈટિસથી પરેશાન હતા. હાથ પગની આંગળીઓ કડક થઈ ગઈ હતી. પંચકર્મ અને દવાઓથી ૧૪ વર્ષ જૂની બીમારી એક વર્ષમાં સાવ ગાયબ થઈ. વૈશાલી કળવ નામની એકાવન વર્ષીય ગૃહિણીએ સંધિવાની બીમારી સાથે વિલેપાર્લેના દવાખાનામાં છ મહિના સારવાર કર્યા પછી રાહત થવા માંડી. એકતાલીસ વર્ષીય કવિતા ગાર્ગીના સાંધા જકડાઈ ગયા હતા. આખા શરીરમાં સોજા હતા. સાત મહિનામાં ૬૦ ટકા ફેર પડ્યો. એવી જ રીતે નાસિકના ચોવીસ વર્ષના યુવાન વિક્રમ અંધારે, છપ્પન વર્ષના જયંતીલાલ ચાંપાનેરીયા, પિસ્તાલિસ વર્ષીય ગૃહિણી વીણા ભાટિયા, સત્તાવન વર્ષીય સુનંદા બામણે, એકત્રીસ વર્ષીય શશીકલા જાધવ, પચાસ વર્ષના મનોહર સકપાળ, પિસ્તાલીસ વર્ષના રવીન્દ્ર ભોંસલે અને છેંતાલિસ વર્ષના શરણ આમડે વગેરે સંધિવા અને ફ્રોઝન શોલ્ડરની વ્યાધિઓથી બેહદ પરેશાન હતા. તેમને છ મહિનાથી એક વર્ષના ગાળામાં ખૂબ રાહત થઈ છે.

'આયુશક્તિ'ના સૌથી સીનીયર ડૉક્ટરોમાં વિનય વર્મા અને ડૉ. કેતકી ત્રિવેદી છે. ડૉ. કેતકી ત્રિવેદીની માફક ડૉ. વિનય વર્માની સફળતાઓની યાદી પણ ખૂબ લાંબી છે. ડૉ. રાજશ્રી મહેતા દ્વારા ઉપચારથી સાજા થયેલા દર્દીઓની સંખ્યા પણ લગભગ બે ડઝન સુધીની ગણી શકાય.

'આયુશક્તિ'માં જે દર્દીઓ સાજા થયા હોવાનો દાવો કરવામાં આવે છે એ દર્દીઓના કેસ સ્ટડી-કેસ નંબર્સ સાથેના રેકોર્ડ્સ, દર્દીઓના સરનામા સાથે કોમ્પ્યુટર્સમાં મોજૂદ છે. ઈચ્છુક વ્યક્તિઓ આ રેકોર્ડ્સ વાંચીને તેમ જ દર્દીઓને મળીને ખાતરી મેળવી શકે છે.


## આયુશક્તિ: આયુર્વેદ હેલ્થ સેન્ટર

| મલાડ | વિલેપાર્લે |
| --- | --- |
| ભાદરણ નગર, ક્રોસ રોડ નં. ૨, ઓફફ એસ.વી.રોડ, મિલાપ સિનેમાની સામે, મલાડ (પ), મુંબઈ - ૪૦૦ ૦૬૪. | ૧૯, દાદાભાઈ રોડ, ગોકળીબાઈ સ્કુલની સામે, વિલેપાર્લે (પ), મુંબઈ - ૪૦૦ ૦૫૬. |
| દૂરધ્વનિ : ૦૦૯૧ ૨૨ ૨૮૦૬૫૭૫૭/ ૨૮૦૬૫૭૪૯/ ૨૮૦૬૨૩૨૩/ ૨૮૦૬૨૪૨૪ | દૂરધ્વનિ : ૦૦૯૧ ૨૨ ૨૬૭૧ ૧૫૧૭/ ૨૬૨૫ ૩૧૦૩. |

વેબસાઈટ : www.ayushakti.com  ઈ-મેઈલ : ayushakti@ayushakti.com